# પહેલી અવકાશયાત્રા

– લિયામ ઓફ્લેહરટી

છજામાં બાંધેલા માળામાં જળપંખીનું નાનકડું બચ્ચું એકલું ઊભું હતું. તેનાં બે નાનાં પંખીબંધુ અને બહેન સાહસ કરીને આગલે દિવસે આકાશની સહેલ કરી આવ્યાં હતાં. પણ વિશાળ અવકાશમાં ઉડવાનો આ બચ્ચાને ડર લાગ્યો હતો. હિંમત એકઠી કરીને તે અત્યારે પણ છજાના છેડા સુધી ગયું તો ખરું, પાંખ પણ જરા ફફડાવી જોઈ, પણ ઠેકડો મારીને હવામાં તરવા પડવાની હામ ચાલી નહિ. નીચે જ લાંબે સુધી પથરાયેલો સમુદ્ર લહેરાતો હતો. તે નિહાળતાં જ તેને ખાતરી થઈ ગઈ કે તેની પાંખો કામ નહિ આપે. મૂંઝાઈને તેણે માથું નમાવી દીધું અને દોડતુંકને તે છજાની બખોલમાં ભરાઈ ગયું.

તેનાં નાનાં ભાઈબહેનો તો પોતાની ટચૂકડી પાંખે આકાશમાં ક્યાંય સુધી ઘૂમી આવતાં હતાં. તે જોઈને પણ એનામાં હિંમતનો સંચાર થયો નહિ. પાંખો ફફડાવીને અવકાશ ભણી ગતિ કરવી એને સાવ અસંભવિત લાગતું હતું. મા ને બાપ તેની ફરતાં ચીંચીચીં કરતાં તેને સમજાવતાં, વઢતાં, ચાંચ વતી ચીંટિયા ભરતાં અને, જો છજામાંથી નીકળીને ઉડવાનો પ્રયત્ન કરે તો, એને ભૂખ્યું રાખવાની ધમકી પણ આપતાં હતાં ! છતાં બચ્ચાની બીક જતી નહોતી. હવામાં એ ભૂસકો મારે, અને એની પાંખ જ ન ઉઘડે તો ? નીચે પડીને પોતે પટકાય તો ? ‘‘ના રે ના, ઉડવાની મોજ મારે નથી માણવી : ભલું આ છજું અને ભલી મારી બખોલ !’’

છેલ્લા ચોવીસ કલાકથી તો માબાપે તેને બોલાવવાનું પણ મૂકી દીધું હતું. આગલે દિવસે મા ને બાપ બીજાં બચ્ચાંની સાથે આમતેમ ઉડીને તેમને હવામાં તરવાની કળામાં પ્રવીણ બનાવતાં હતાં. પછી તો દરિયાનાં મોજાં પર ઝૂકીને માછલાં પકડતાં શીખવવા માબાપ તેમને કિનારા સુધી લઈ ગયાં. છજામાં એકલવાયું બેઠું બેઠું આ બચ્ચું તે બધું જોઈ રહ્યું હતું. તેણે એ પણ જોયું કે ખડક પર ઊભા રહીને તેના ભાઈએ એક માછલીને ઝડપી લીધી. ગર્વથી કૂજન કરીને માતાપિતાએ તેને અભિનંદન આપ્યાં અને આનંદથી તે ચોતરફ ઊડવા લાગ્યાં. પછી સહુ જઈને સમુદ્રની વચ્ચે આવેલી એક ટેકરી પર મોજથી બેઠાં. બચ્ચાને લાગ્યું કે પોતાની કાયરતાની મજાક એ લોકો ઉડાવતા હશે.

દિવસ ચડતો ગયો, તાપ વધવા લાગ્યો. બચ્ચાને ભૂખ લાગી. ગઈ રાતનું તેને કોઈએ ખાવા દીધું નહોતું. કાંઈક ખોરાકની શોધમાં તેણે છજામાં ફરવા માંડ્યું. સુકાઈ ગયેલી કોઈક પૂંછડીનો ટુકડો તેની નજરે પડયો. પણ એ શું કામનો ? માળામાં ખૂણેખાંચરે તે ફરી વળ્યું, પણ એક દાણોય જડયો નહિ. માબાપે નાનાં ભાઈબહેનને જ્યાં સેવેલાં ત્યાં તે જગ્યાએ પડેલાં ઈંડાનાં કોચલાંનાં સૂકા કટકાય



તેણે કરડી જોયા: પણ બિલકુલ સ્વાદ લાગ્યો નહિ. વળી પાછું ખદુક ખદુક કરતું તે છજામાં આમથી તેમ આંટા મારવા લાગ્યું. સામે ખડક પરનાં માબાપ પાસે ઊડયા વગર જ પહોંચી જવાય તો કેવું સારું !

આખરે તેણે છજાની કોર સુધી ધીમી ડગલીઓ ભરી. એક પગ પાંખમાં સંતાડી દઈ, એક જ પગે ઊભા રહીને તેણે એક આંખ મીંચી. પછી બીજી પણ મીંચી અને તે ઊડવાનો અભિનય કરવા લાગ્યું. તેમ છતાં સામેના ખડક પરથી કોઈએ તેના તરફ લેશ પણ ધ્યાન આપ્યું નહિ. બચ્ચાએ જોયું તો તેનાં નાનાં ભાઈબહેન ગરદનમાં માથું નાખી દઈને નિરાંતે ઝોકાં ખાતાં હતાં. બાપા ચાંચ વડે પીઠ પરનાં સફેદ પીછાંને સમારતા હતા. પણ એક માની નજર વારે વારે તેના ભણી દોરાતી હતી. તેની ધોળી ધોળી છાતી ઉપસી આવી હતી. પોતાના પગ પાસે પડેલા માછલીના ટુકડાને તે વારેવારે ચાંચથી કાપતી હતી, અને વચમાં વચમાં ચાંચની બેય બાજુને પથરા પર ઘસતી જતી હતી.

માછલીના એ ટુકડાને ત્યાં ભાળીને અહીં બચ્ચાની ભૂખ ખૂબ વધી ગઈ. ખાદ્ય પદાર્થની કટકીઓ કરવી, તેને માટે ચાંચને ઘસીને સજાવવી, એ બધું તેને પણ કેટલું બધું ગમતું હતું ! કૂ....કૂ.....કૂ....કરીને તેણે સાદ પાડ્યો. દૂર બેઠાં માએ તેના ભણી જરા નજર કરી. કલબલ કલબલ કરીને બચ્ચાએ ખોરાકના ટુકડા માટે કાકલૂદી કરી. માતાએ વળતો કલબલાટ કર્યો, પણ ખાવાનું આપવાની કશી તત્પરતા બતાવી નહિ.

એકાએક બચ્ચાએ આનંદની ચિચિયારી કરી. ચાંચમાં માછલીનો કટકો ધરીને મા તેના ભણી ઊડતી આવી રહી હતી ! તેની પાસે ઝટ પહોંચી જવા થનગનતું બચ્ચું દોડતું છજાના છેડા સુધી પહોંચ્યું ને વાંકું વળીને ત્યાં ઊભું. ઊડતી ઊડતુ મા તેની સાવ લગોલગ આવી ગઈ. એના પગ હવામાં અધ્ધર હતા. ચાંચમાં માછલીનો ટુકડો હતો, પાંખો સ્થિર હતી. ચાંચમાં રહેલો ટુકડો ઠેઠ બચ્ચાના મોં સુધી આવ્યો – પણ ત્યાં જ મા અટકી ગઈ. બચ્ચાને ખવડાવવાની જાણે કે તેની દાનત જ નહોતી ! મા આમ કેમ કરે છે ? માછલીનો ટુકડો મારા મોંની લગોલગ લાવ્યા છતાં ખવરાવતી કેમ નથી ? – બચ્ચાને વિમાસણ થઈ ઘડીભર ......

અને ભૂખથી ઝનૂનમાં આવેલું બચ્ચું ભાવતું ભોજન જોઈને પેલા ટુકડાને ગ્રસવા કૂદી પડયું. એના મોંમાંથી એક ચિત્કાર નીકળી પડયો. છજામાંથી સડસડાટ તે નીચે પડી રહ્યું હતું. તે ભયભીત ભયભીત થઈ ગયું. માની પાંખોનો ફફડાટ સાવ સમીપથી તેણે સાંભળ્યો. એક ક્ષણ તો તેનું હૃદય જાણે બંધ પડી ગયું. પણ ત્યાં તો તેણે અનુભવ્યું કે તેની પાંખો આપોઆપ જ પ્રસરવા લાગી છે. હવા તેનાં પીંછાં સાથે, પેટ સાથે, તેની પાંખ સાથે લસરકા લેતી જતી હતી. તે હવે ઊંધે માથે નીચે ને નીચે ગબડી રહ્યું નહોતું, પણ પાંખો ફફડાવતું, છજાથી દૂર હવામાં તરી રહ્યું હતું. હોડીના હલેસાંની જેમ તેની પાંખો હવાને ચીરી રહી હતી.

બચ્ચાની બીક જતી રહી. આનંદથી તે આમતેમ ઘૂમવા લાગ્યું. અનોખા ઉત્સાહથી તેણે કિકિયારી કરી. થોડી વારમાં તેન ફેર ચડવા લાગ્યા. વળી પાછી તેણે પાંખો ફફડાવી, અને તે હવામાં ઊંચે ને ઊંચે ચડવા લાગ્યું. પોતાની છાતી ફુલાવીને એણે હવાની સામે અડીખમ દીવાલ ઊભી કરી લીધી. ઊડતી ઊડતી મા તેની હેઠળથી પસાર થઈ ગઈ, એની પાંખોના સુસવાટા તેણે સાંભળ્યા. બાપાએ આનંદથી કલશોર કરતાં કરતાં તેનાથી જરાક ઊચે ઊંડવા માંડયું. ભાંડુએ તેની આસપાસ ઘુમરાવા લાગ્યાં. ઘડીકમાં તે વળાંક લેતાં, ઘડીકમાં તેની સન્મુખ આવી જતાં, ને વળી પાછાં હવામાં ડૂબકી લગાવતાં.

થોડી જ વાર પહેલાં પોતે આ આકાશી–ઉડાનથી ડરતું હતું. એ વાત હવે તે સાવ ભૂલી ગયું. તીણી ચિચિયારીઓ પાડતાં પાડતાં ડૂબકી લગાવવાની, પાછાં ઊંચે ને ઊંચે ઊડવાની, વાંકા–આડા ફંટાવાની શરૂઆત તેણે કરી દીધી.

હવે તો તે સમુદ્રની સાવ ઉપર ઊડી રહ્યું હતું. સાગરમાં ઊઠતી નાની નાની લહરો તેણે બરાબર જોઈ. પોતાની ચાંચ આમતેમ ઘુમાવવા માંડી, કલશો કરવા માંડયો. માબાપ ને ભાંડુને તેણે નજર

સમક્ષ સમુદ્રની સપાટી પર ઊતરતાં જોયાં. કલબલ સાદે તેઓ એને ત્યાં બોલાવતાં હતાં. ઘડીકમાં તો લીલાંછમ નીર ઉપર તેણે પોતાના પગ ઠેરવ્યા. પણ પગ પાણીમાં ડૂબવા લાગ્યો ભયથી ચીસ પાડી, પાંખો ફફડાવીને ફરી ઊંચે ઊઠવા તેણે મથામણ કરી. પણ ભૂખથી તે થાકેલું હતું. દરિયામાં પગ ડૂબવા લાગ્યા, પેટની સાથે પાણીનો સ્પર્શ થયો....પણ તે ડૂબ્યું નહિ. પોતે જળપંખીનું સંતાન હતું. સાયરની સપાટી પર તે નિરાંતે તરતું રહ્યું. અને ચોતરફ તેનું કુટુંબ એમની તિર્યંચ ભાષામાં તેની પ્રશંસા કરી રહ્યું. માછલીના ટુકડા ચાંચમાં ઝાલી રહેલાં સ્વજનો તેનો સત્કાર કરતાં હતાં.

અને બચ્ચું પોતાની પહેલી અવકાશયાત્રાનો મહોત્સવ માણી રહ્યું.

■